## ક્ષતિરહિત, અદ્યતન અને અધિકૃત મતદાર યાદી માટેના મતદાર મહોત્સવની સ્પર્ધામાં ભાગ લેવા માટેનો અરજી પત્રનો નમૂનો :

સ્પર્ધકનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

| | | |
|---|---|---|
| ૧. | સ્પર્ધકનું નામ | |
| | પિતા / પતિનું નામ | |
| | અટક | |
| ૨ | સ્પર્ધકનું પૂરૂ સરનામું | |
| ૩ | સ્પર્ધકનો સંપર્ક નંબર / ઈ–મેઈલ એડ્રેસ | Land Line No. |
| | | Mob No. |
| | | e-mail |
| ૪ | જન્મ તારીખ | |
| | તા. ૧–૧–૨૦૧૬ના રોજ ઉંમર | |
| ૫ | મતદાર તરીકે નોંધણી થયેલ છે કે કેમ? | |
| | જો હા તો, | |
| | મતદાર ફોટો ઓળખકાર્ડનો નંબર | |
| | હાલ કયા વિધાનસભા મતવિભાગમાં નોંધાયેલ છો તે મતવિભાગનું નામ | |
| ૬ | આધાર કાર્ડ નંબર* | |
| ૭ | કઈ કેટેગરીમાં કૃતિ રજૂ કરવાની છે. | કેટેગરી–૧ વિદ્યાર્થી |
| | | કેટેગરી–૨ નોંધાયેલ મતદાર / કર્મચારી |
| | વિદ્યાર્થી સ્પર્ધક માટે | |
| | • શૈક્ષણિક સંસ્થાનું નામ | |
| | • શૈક્ષણિક સંસ્થાનું પુરૂ સરનામું | |
| | • સંસ્થાનો સંપર્ક નંબર / ઈ–મેઈલ | |
| | કર્મચારી સ્પર્ધક માટે | |
| | • વિભાગ / કચેરી / સંસ્થાનું નામ | |
| | • હાલની ફરજનો હોદ્દો | |
| | • નિમણુંકની તારીખ | |
| | • કચેરીનો સંપર્ક નંબર / ઈ–મેઈલ | |

| | | |
|---|---|---|
| ૮ | રજૂ કરવામાં આવનાર કૃતિ વ્યક્તિગત કે જૂથમાં | વ્યક્તિગત / જૂથમાં |
| ૯ | રજૂ કરવામાં આવનાર કૃતિની વિગત | માટીકામ / શિલ્પ કલા / ભરત કલા / ચિત્રકામ / કાર્ટૂન / ઈન્ફોગ્રાફિક્સ (ડીજીટલ) |
| | જો કૃતિ લોકકળા આધારિત હોયતો તેની વિગત | |

*અહી જો આધાર કાર્ડ મળેલ ન હોય તો તેનો રજીસ્ટ્રેશન નંબર દર્શાવવો.

## એકરાર નામુ

આથી હું એકરાર કરૂં છું કે,

ચૂંટણી પંચ દ્વારા ક્ષતિરહિત, અદ્યતન અને અધિકૃત મતદાર યાદી તૈયાર કરવાના અભિયાનમાં યોજવામાં આવેલ મતદાર મહોત્સવ અંતર્ગત સ્પર્ધામાં મેં ..................... કેટેગરીમાં ભાગ લીધેલ છે, આ અભિયાનમાં હું પણ સક્રિય રીતે જોડાઈશ અને હું, મારા કુટુંબના સભ્યો તથા મારા રહેણાંકના વિસ્તારમાં આવતા લાયકાત ધરાવતા દરેક નાગરિકો / મતદારોના નામ મતદાર યાદીમાં નોંધાય, તેમના નામમાં રહેલ ભૂલોની સુધારણા થાય તથા તેમના મતદાર યાદીના ડેટા સાથે આધાર કાર્ડ નંબરની વિગતોને સાંકળવા માટે હું મારા વિસ્તારના બુથ લેવલ અધિકારીને મારો સહયોગ આપીશ તથા તે માટે તમામ શક્ય પ્રયત્નો કરીશ.

____________________

સ્પર્ધકની સહી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/શ્રીમતિ/કુમારી ................................. આ સંસ્થામાં ............. વર્ગ / ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે. પ્રવેશપત્રમાં દર્શાવવામાં આવેલ વિગતોની ચકાસણી કરવામાં આવેલ છે અને તે બરાબર માલુમ પડેલ છે.

પ્રમાણિત કરનાર અધિકાનું નામ

અધિકારીનો મતદાર ફોટો ઓળખ નંબર

અધિકારીનો આધાર કાર્ડ નંબર

____________________

આચાર્ય / સક્ષમ અધિકારીની
સહી અને સિક્કો

## *યુવા મતદાર મહોત્સવ–૨૦૧૫ અંગેની માર્ગદર્શક સૂચનાઓ*

### *આ સ્પર્ધા નીચે મુજબ બે વિભાગમાં રહેશે :*

વિભાગ–૧

Δ માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ–૯ થી ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓ

Δ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે, જુદી જુદી ફેકલ્ટીમાં સ્નાતકનો અભ્યાસ કરતાં, એન્જીનીયરીંગ, તબીબી, કાયદા, કૃષિ વિષયક શાખામાં અભ્યાસ કરતાં, આઈ.ટી.આઈ., ડીપ્લોમા વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

Δ આ સ્પર્ધા શૈક્ષણિક સંસ્થાઓના વડા / આચાર્યની દેખરેખ નીચે યોજવાની રહેશે. **પ્રાથમિક શાળાના અને મીડલ સ્કુલના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.**

વિભાગ–૨

Δ મતદાર યાદીમાં નોંધાયેલ કોઈપણ પુરૂષ/સ્ત્રી કે જેમની ઉંમર ૧૮ થી ૩૦ વર્ષની હોય અને તેઓ મતદાર તરીકે નોંધાયેલ હોય તેવા મતદારો.

Δ સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના ૧૮ થી ૩૦ વર્ષની વયજુથના હોય તેવા કર્મચારીઓ.

સ્પર્ધામાં રજૂ કરવાની થતી કૃતિઓ નીચે જણાવેલ બે કેટેગરીમાં રજૂ કરવાની રહેશે. આવી કૃતિઓ ચૂંટણી પ્રક્રિયા સાથે સંબંધ ધરાવતી હોવી જોઈએ

### *(અ) પરંપરાગત લોકકલા (હસ્ત કલા આધારિત કૃતિઓ તૈયાર કરવી)*

આવી લોક કલામાં મુખ્યત્વે જે તે વિસ્તાર / સમુદાય / સંસ્કૃતિમાં પ્રચલિત હોય તેવી રચના જેમ કે,

- માટીકામ, (માટીના ઘોડા, માટીના કલાત્મક નમૂના, હસ્તકલા),
- શિલ્પકલા (કાષ્ટ–નકશી કલા જેમકે, મજૂસ, પટારા, બાજઠ, હિંડોળા ખાટ, રથ, પાલખી, રમકડા, મ્હોરા ઈત્યાદી)
- ભરત કલા (કાઠી ભરત, રબારી ભરત, જતભરત, કચ્છી ભરત, આભલા ભરત, મોતી ભરત, કેન્વાસ ભરત (નાકા ભરત),ભીતિયું, તોરણ ),
- ચિત્રકામ (વારલી, પિઠોરા, ભીત ચિત્રો, પોથી ચિત્રો, પ્રતિક ચિત્રો, કાચ ચિત્રો),
- વાંસકલા

### *(બ) કાર્ટૂન / ઈન્ફોગ્રાફિકસ (ડીજીટલ)*

૫. આ સ્પર્ધાના ધારા–ધોરણો નીચે મુજબ રહેશે.

**૫.૧ <u>આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ :</u>**

- *વિભાગ–૧ માટે :*

  શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ કૃતિઓ સૌ પ્રથમ જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય અને કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ વ્યકિતની બનેલી કમિટિ દ્વારા શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી, જીલ્લા કક્ષાએ પસંદગી માટે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના તરફથી અધિકૃત કરેલ અધિકારીને શાળાના આચાર્યના પ્રમાણપત્ર સહિત મોકલી આપવાની રહેશે.

- *વિભાગ–ર માટે :*

  આ સ્પર્ધામાં અભ્યાસ કરતાં ન હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના માટે છે. આ માટે તેઓ મતદાર તરીકે જે વિધાનસભા મતવિભાગમાં નોંધાયેલ હોય અથવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ નં.૬ ભરેલ હોય તે મતવિભાગ, જે જીલ્લામાં સમાવિષ્ટ હોય, તે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ હોય તેવા અધિકારી સમક્ષ તેમની કૃતિઓ રજૂ કરવાની રહેશે. કર્મચારીના કિસ્સામાં તેમના અરજીપત્રો તેમની કચેરી મારફત જે તે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ હોય તેવા અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે. આ માટે વિભાગો તથા અન્ય સંસ્થાઓને પાઠવવાના પત્ર સાથે નાયબ જીલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓના નામ અને તેમના સંપર્ક નંબરની વિગતો સામેલ રાખેલ છે.

- સ્પર્ધામાં ભાગ લેતા મતદારે તેમની કૃતિ સાથે વ્યકિતગત અને/અથવા સમુહમાં હોય તેવા કિસ્સામાં તેમનો મતદાર યાદીમાં નોંધણી ક્રમાંક, મતદાર ફોટો ઓળખકાર્ડની નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે. જે સ્પર્ધક હાલ મતદાર યાદીમાં નોધાયેલન હોય પરંતુ મતદાર યાદીમાં નામની નોંધણી માટે ફોર્મ ભરેલ હોય તે ફોર્મની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે.
- સ્પર્ધક મતદાર હોય, પરંતુ તેઓ દ્વારા જૂથ કૃતિ તૈયાર કરવામાં આવેલ હોય તે કિસ્સામાં જૂથમાં સમાવિષ્ટ સ્પર્ધકો પણ મતદાર હોવા જોઈએ. દરેક કૃતિ સાથે સ્પર્ધકે એવી બાંહેધરી આપવાની રહેશે કે રજૂ થયેલ કૃતિ તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમજ કોપી રાઈટ અને માલિકી હક્કનો ભંગ થતો નથી. આ અંગે ભવિષ્યમાં ઉભા થનાર કોઈપણ આરોપ, વિવાદ કે કાયદાકીય દાવાની પુરેપુરી જવાબદારી સ્પર્ધકની રહેશે.
- વિભાગ–ર માં જણાવેલ કેટેગરી માટેની કૃતિઓ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં સીધેસીધી સ્વીકારવાની રહેશે.
- કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીને મળેલ કૃતિઓ પૈકી જીલ્લા કક્ષાએ ઉપર જણાવ્યા મુજબ બે વિભાગમાં (વિભાગ–૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિભાગ–ર માં અભ્યાસ સાથે સંકળાયેલ ન હોય તેવા ૧૮ થી ૩૦ વર્ષના યુવા મતદારો) શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે.
- જીલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ રાજય કક્ષાએ પસંદગી સારૂ અત્રે રજૂ કરવાની રહેશે.

**સ્પર્ધક દ્વારા રજૂ કરાનાર હાથે તૈયાર કરેલ કૃતિઓ માટેના માપદંડો :**

- પોસ્ટર, ચિત્ર વગેરે ઓછામાં ઓછા તેમજ વધુમાં વધુ ૧૨"X૧૮" ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ પર રજૂ કરવાની રહેશે.
- ભરત–ગુંથણ અંગેની કૃતિઓ પણ ૧૨" X ૧૮" ના ખાદીના કપડા પર કરવાનું રહેશે.

***સ્પર્ધા માટેની શરતો :***

(અ) સ્પર્ધકનું પ્રવેશપત્ર પર જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યએ પ્રમાણિત કરવાનુ રહેશે તેમજ આચાર્યએ પોતે મતદાર યાદીમાં નોંધાયેલ છે તેની વિગત તેમજ આધાર કાર્ડની વિગતો રજૂ કરવાની રહેશે.

(બ) સ્પર્ધક પાસેથી એક એકરાર નામું પણ મેળવીએ, જેમાં સ્પર્ધકે પ્રવેશપત્ર સાથે પોતે, તેમના કુટુંબના સભ્યો, સોસાયટી કે ફલેટમાં રહેતા અન્ય સ્થાનિકોના નામ મતદાર યાદીમાં નોાંધાય, તેમના નામમાં જો કોઈ ભૂલ રહેવા પામેલ હોય તો તેવી ભૂલોની સુધારણા, મતદાર યાદીના ડેટા સાથે આધાર કાર્ડના ડેટાને લીન્ક કરવા માટેની જરૂરી વિધી પૂર્ણ કરવામાં તેમના વિસ્તારના બુથ લેવલ ઓફિસરને સંપૂર્ણ સહકાર આપશે, તેમજ તેમની સોસાયટી/ફલેટમાં રહેતા નાગરિકો પૈકી મતદાર તરીકેની લાયકાત ધરાવતા ૧૦૦% લોકોના નામ મતદાર યાદીમાં નોંધાય તે માટે તમામ શકય પ્રયત્નો કરશે તે મુજબનું એકરાર નામું કરવાનું રહેશે.

(ક) આ સ્પર્ધામાં તૈયાર કરવાની થતી કૃતિઓ માટે જે કોઈપણ ખર્ચ થશે, તે સ્પર્ધકે પોતે ભોગવવાનો રહેશે. આ માટે આ કચેરી તરફથી કોઈપણ ફંડ ફાળવવામાં આવશે નહીં.

(ડ) જિલ્લા કે રાજય સ્તરે પસંદગી પામેલ અને પુરસ્કારને પાત્ર ઠરેલ કૃતિઓનો ઉપયોગ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી તેમજ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા મતદાર જાગૃતિ અભિયાનમાં કરવામાં આવશે અને તેવી તમામ કૃતિઓના માલિકી હકક તથા કોપીરાઈટના અધિકાર મુખ્ય નિર્વાચન અધિકારીના રહેશે. આવી પસંદગી પામેલ કૃતિઓને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની વેબસાઈટ www.ceogujarat.nic.in પર તથા વેબસાઈટના Youth Corner પર મૂકવામાં આવશે.

આ સ્પર્ધામાં દરેક કૃતિનું ૧૦ પોઈન્ટના આધારે નીચે જણાવેલ ધોરણો મુજબ સરખા ભાગે ર પોઈન્ટમાં મુલ્યાંકન કરવામાં આવશે. કૃતિના મુલ્યાંકન માટે નીચેની વિગતો ઘ્યાને લેવામાં આવશે.

- રજૂઆત,
- મૌલિકતા,
- ચૂંટણી પ્રક્રિયા સાથેનો સંબંધ, અને
- ક્ષતિ રહિત અને અદ્યતન મતદાર યાદી માટે હાથ ધરવામાં આવેલ પ્રયત્નો
- કૃતિની પસંદગી

૮. આ સ્પર્ધા ***૧૫ ઓગષ્ટ, ૨૦૧૫ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૧૫*** સુધી અમલમાં રહેશે. સ્પર્ધા માટેના પ્રવેશપત્ર નીચેની કચેરીએથી તેમજ મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat.nic.in પરથી તથા વેબસાઈટમાં Youth Corner પરથી પણ મળી રહેશે.

| ગ્રામ્ય કક્ષાએ | પંચાયત કચેરી અથવા તલાટી |
|---|---|
| તાલુકા / શહેર કક્ષાએ | મામલતદાર કચેરી / તાલુકા વિકાસ અધિકારીની કચેરીના જનસેવા કેન્દ્ર, મહાનગરપાલિકા / નગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્ર |
| જીલ્લા કક્ષાએ | કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી કચેરીના મતદાર સુવિધા કેન્દ્ર, જીલ્લા પંચાયત કચેરીના જન સેવા કેન્દ્ર |
| વિદ્યાર્થી માટે | તેઓ જે સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તે સંસ્થાની કચેરી . |

- યુવા મતદાર મહોત્સવ, ૨૦૧૫ દરમ્યાન શૈક્ષણિક સંસ્થાઓ, વ્યકિતગત કે કર્મચારી તરફથી રજૂ થનાર કૃતિઓ તારીખ : ૩૧–૧૦–૨૦૧૫ સુધીમાં કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના દ્વારા નિયત કરવામાં આવેલ સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે.
- જીલ્લા કક્ષાએ જુદા જુદા બે વિભાગમાં શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી માટે ૭–૧૧–૨૦૧૫ થી ૧૫–૧૧–૨૦૧૫ દરમ્યાન જીલ્લા કક્ષાની કમિટિ સમક્ષ રજૂ કરવાની રહેશે.
- જીલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ તારીખ : ૧૮–૧૧–૨૦૧૫ સુધીમાં આ કચેરીને રાજય કક્ષાની પસંદગી માટે રજૂ કરવાની રહેશે.
- જીલ્લા તરફથી મળેલ કૃતિઓ ઉપર રાજય કક્ષાની પસંદગી સમિતિની બેઠક ડીસેમ્બરના પ્રથમ અઠવાડીયામાં બોલાવી રાજય કક્ષાની શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી કરી લેવાની રહેશે.
- અગાઉના વરસો દરમ્યાન યોજવામાં આવેલ યુવા મતદાર મહોત્સવ અંતર્ગત રચવામાં આવેલ કમિટિ ચાલુ રાખવી કે કે કેમ તેનો નિર્ણય કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીએ કરવાનો રહેશે. જો નવી કમિટિની રચના કરવાની જરૂરીયાત જણાય તો તે ૧૫–૧૦–૨૦૧૫ પહેલાં આવી કમિટિની રચનાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. તદ્નુસાર રાજય કક્ષાએ પણ કમિટિની રચના કરવાની રહેશે.

આ સ્પર્ધાના બન્ને વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતાને રાષ્ટ્રિય મતદાર દિવસ, ૨૦૧૬ની ઉજવણી દરમ્યાન સન્માન કરવામાં આવશે.

- ❖ જીલ્લા કક્ષાએ પ્રમાણપત્ર તથા અનુક્રમે ` ૨,૫૦૦, ` ૧,૫૦૦ અને ` ૧,૦૦૦ રોકડ પુરસ્કાર
- ❖ રાજયકક્ષાએ પણ પ્રમાણપત્ર તથા અનુક્રમે ` ૨૫,૦૦૦, ` ૨૦,૦૦૦ અને ` ૧૫,૦૦૦ રોકડ પુરસ્કાર.